# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/૧૩૬૧૦

તા. ૧૪/૦૨/૨૦૧૮

પરિપત્ર-૪૭૨

સંદર્ભ : (૧) નાયબ નિયામકશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ગાંધીનગરનો તા. ૦૯/૦૨/૨૦૧૮ નો પત્ર ક્રમાંક-પરચ/૨૦૧૮/GOI-1/ખ.૧

(૨) એડવાઇઝરશ્રી, કે.સી.જી., અમદાવાદનો તા. ૧૨/૦૨/૨૦૧૮ નો પત્ર નં. કેસીજી/૨૦૧૭-૧૮/૪૪૫૧

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે શ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય પ્રધાનમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે અને પરીક્ષાના સમયગાળા દરમિયાન અનુભવાતા માનસિક તણાવ અને તેના પરિણામો અંગે ચિંતા વ્યકત કરેલ છે. વિદ્યાર્થીઓ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે તે સંદર્ભમાં વિદ્યાર્થીઓને માનસિક તણાવ દુર થાય તે માટેના યોગ્ય ઉપાયો સૂચવવા અને માર્ગદર્શન પૂરૂં પાડવા તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ બપોરે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વિચાર વ્યક્ત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે ડી.ડી. નેશનલ, ડી.ડી. ન્યુઝ, ડી.ડી. ઇન્ડિયા, વિવિધ રેડિયો માધ્યમો તથા અન્ય પ્રસાર માધ્યમો દ્વારા તેનું જીવંત પ્રસારણ થાય તેવી ઈચ્છા વ્યક્ત કરેલ છે. વધુમાં આ સંદર્ભમાં શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને કે.સી.જી., અમદાવાદની સુચના અનુસાર આ સમયે લેપટોપ, કોમ્પ્યુટર, નમો ઈ-ટેબ ટેબ્લેટ, સ્માર્ટફોન વિગેરે સાધનો ઈન્ટરનેટથી જોડાઈ શકે તેવી વ્યવસ્થા કરવા અને આ કાર્યક્રમનો પ્રચાર પ્રસાર કરવા જણાવેલ છે. ઉપરોક્ત બાબતો ધ્યાને લઈ આપની કૉલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમનો મહત્તમ લાભ લઈ શકે તે માટે જરૂરી આયોજન અને વ્યવસ્થા કરવા વિનંતી છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : સંદર્ભ દર્શિત પત્ર

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કૉલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

ક્રમાંક:-પરચ/૨૦૧૮/ઉણ-૧/ખ.૧

સમય મર્યાદા

શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૯/૦૨/૨૦૧૮

પ્રતિ,

(૧) નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
સચિવાલય, ગાંધીનગર.

(૨) નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
સચિવાલય, ગાંધીનગર.

(૩) રજીસ્ટ્રારશ્રી/નિયામકશ્રી,
શિક્ષણ વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓ
(ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત)

વિષય:- માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા પરીક્ષાર્થી યોધ્ધાઓ સાથે વિડીયો વાર્તા-લાપ યોજવાના આયોજન બાબત.

---

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આજ્ઞાનુંસાર જણાવવાનું કે માનનીય પ્રધાનમંત્રીશ્રીને એવું જણાયું છે કે વિદ્યાર્થીઓને આવનાર પરીક્ષા સમયે અને પરીક્ષાના સમયગાળા દરમ્યાન માનસિક તણાવ રહે છે જે દૂર કરવા માટેના ઉપાયો શા છે? તે સંબંધમાં વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શનસહ હૂંફ મળી રહે અને વિદ્યાર્થીઓનો માનસિક તણાવ દૂર થાય અને પરીક્ષાઓમાં તેઓ સારો દેખાવ કરી શકે તે હેતુથી માનનીય પ્રધાનમંત્રીશ્રીએ તા.૧૬/૦૨/૨૦૧૮ના રોજ બપોરે ૧૧:૦૦ કલાકથી ૧૨:૦૦ કલાક દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે ડી.ડી.નેશનલ, ડી.ડી.ન્યુઝ અને ડી.ડી.ઇન્ડિયા તેમજ રેડીયો માધ્યમો અને અન્ય પ્રસાર માધ્યમો દ્વારા તેનું જીવંત પ્રસારણ થાય તે માટે ઇચ્છા વ્યક્ત કરીને વિડીયો માધ્યમ દ્વારા તેઓના વિચાર વ્યક્ત કરવાનું નક્કી કરેલ છે. આ કાર્યક્રમનો લાભ રાજ્યના ધોરણ-૬ થી ઉપરના તમામ વર્ગોના વિદ્યાર્થીઓ મહત્તમ લાભ લે તે માટેની જરૂરી એવી કમ્પ્યુટર્સ/લેપ-ટોપ/મોબાઇલ જેવા સાધનોની મદદથી ઇન્ટરનેટ સંપર્ક સ્થાપિત થાય તે માટે

આપની યુનિવર્સિટી દ્વારા જરૂરી પગલાં લેવા અને આપના કાર્યવિસ્તારની તમામ સંલગ્ન કોલેજોના વડાશ્રીઓને તેઓની સંસ્થા કક્ષાએ તે માટેની જરૂરી સુવિધાઓ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવે તે માટેની યોગ્ય સુચનાઓ તાત્કાલિક આપવા ભાર-પૂર્વક અનુરોધ કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

(નિકુંજ જાની)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

---

ક્રમાંક : ISC-7/પરીક્ષા/૧૮/[illegible]
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં. ૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૧૨ /૦૨/૨૦૧૮.

૨/– શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઉકત તા.૦૯/૦૨/૧૮ ના પત્ર ક્રમાક:પરચ/૨૦૧૮/GOI-1/ખ.૧ થી આપવામાં આવેલ સુચનાઓ અનુસાર જરૂરી કરવાપાત્ર થતી કાયવાહી કરવા સારૂ

નાયબ નિયામક
ગુ.રા., ગાંધીનગર.

પ્રતિ,
- રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ
- આચાર્યશ્રી, તમામ કોલેજો,
- હુકમ ફાઈલે.

Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

નં. કેસીજી/૨૦૧૭-૧૮/4451

તા. ૧૨-૦૨-૨૦૧૮

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ યુનિવર્સિટી,

ગુજરાત રાજ્ય

વિષય: માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા પરીક્ષાર્થિ યોદ્ધાઓ સાથે વિડીયો વાર્તાલાપ યોજવાના આયોજન બાબત

સંદર્ભ: શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક પરચ/૨૦૧૮/GOI-1/ખ.૧ તા. ૦૯/૦૨/૨૦૧૮

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભમાં જણાવ્યા અનુસાર માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા વિદ્યાર્થીઓને આવનાર પરીક્ષા સમયે અને પરીક્ષાના સમયગાળા દરમ્યાન માનસિક તણાવ અને તેના પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરેલ છે. આ અંગેના ઉપાયો સૂચવવા અને વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શનસહ હુંફ મળી રહે, તેઓનો માનસિક તણાવ દૂર થાય અને તેઓ પરીક્ષાઓમાં સારો દેખાવ કરી શકે તે હેતુથી માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા. ૧૬/૦૨/૨૦૧૮ના રોજ બપોરે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે વિચાર વ્યક્ત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે ડીડી નેશનલ, ડીડી ન્યુઝ, ડીડી ઇન્ડિયા, વિવિધ રેડિયો માધ્યમો તથા અન્ય પ્રસાર માધ્યમો દ્વારા તેનું જીવંત પ્રસારણ થાય તેવી ઈચ્છા વ્યક્ત કરેલ છે. આ કાર્યક્રમનો લાભ રાજ્યના ધો-૬થી ઉપરના તમામ વર્ગોના વિદ્યાર્થીઓ લાભ લે તે માટેની જરૂરી એવી કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ જેવા સાધનોની મદદથી ઈન્ટરનેટ સંપર્ક સાધી શકે છે, આ માટે આપની યુનિવર્સિટી ખાતે જરૂરી વ્યવસ્થા કરવા વિનંતી છે. સાથે સાથે આપની યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોને પણ આ કાર્યક્રમ અંગેની જાણ કરવા તથા જરૂરી સુવિદ્યા અને વ્યવસ્થા કરાવવા વિનંતી છે.

આભાર સહ,

પ્રો. એ. યુ. પટેલ, 12/2/18
એડવાઇઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

નકલ રવાના જાણ સારૂ

૧. માન. અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), નવા સચિવાલય, ગાંધીનગર
૨. માન. નિયામકશ્રી (ઉચ્ચ શિક્ષણ) જુના સચિવાલય, ગાંધીનગર
૩. કુલપતિશ્રી, તમામ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય
૪. શ્રી નિકુંજ જાની, ઉપસચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર